





# પ્લાસ્ટિક મુક્ત સમુદ્રોના સંદેશ સાથે કોમનવેલ્થ ગેમ્સનો પ્રારંભ

**23મી કોમનવેલ્થ ગેમ્સનો સંગીત, નૃત્ય અને મેઘધનુષી રંગોથી ભરેલા ભવ્ય ઉદ્દઘાટન સમારોહ યોજાયો**

ગ્લાસગો, તા. 24 (પીટીઆઈ) : 23મી કોમનવેલ્થ ગેમ્સનો પ્રારંભ સ્કોટલેન્ડના વારસાને પ્રતિબિંબિત સંગીત, નૃત્ય અને મેઘધનુષી રંગોથી ભરેલા એક ભવ્ય સમારોહ સાથે થયો અને તેમાં સમુદ્રોને પ્લાસ્ટિક મુક્ત બનાવવાનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો.

કિંગ ચાર્લ્સ ત્રીજાએ ગયા વર્ષે માર્ચમાં બકિંઘમ પેલેસ ખાતે કિંગ્સ બેટન પર મૂકેલા સંદેશને મોટેથી વાંચ્યો હતો. ત્યારથી તે 500-દિવસીય વૈશ્વિક મશાલ રિલે દરમિયાન તમામ 74 કોમનવેલ્થ સભ્ય દેશોમાં ફર્યો છે. પોતાનો સંદેશ આપતા પહેલા, રાજા ચાર્લ્સ ત્રીજાએ કોમનવેલ્થ ગેમ્સના ઉદ્દઘાટનની ઘોષણા કરી. તેમણે કહ્યું, આ રમતોના ઉદ્દઘાટનની ઘોષણા કરતા મને ખૂબ આનંદ થાય છે. બ્રિટિશ રાજાએ કહ્યું કે બેટન સમુદ્રો અને જળમાર્ગોને પ્લાસ્ટિક પ્રદૂષણથી મુક્ત કરવાના પ્રયાસોને આગ્રહ કરતો વધારાનો સંદેશ પણ વહન કરે છે. ઉદ્દઘાટન સમારોહમાં સ્કોટલેન્ડના પરંપરાગત વારસાને સમકાલીન પોપ, રેપ અને ઇલેક્ટ્રોનિક સંગીત સાથે મિશ્રિત કરવામાં આવ્યું હતું. પાઇપ બેન્ડે 'ફ્લાવર્સ ઓફ સ્કોટલેન્ડ' ની રજૂઆતથી પ્રેક્ષકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા. તેમની સાથે ઇલેક્ટ્રો-લોક જોડી વાલ્ટોસ અને સ્કોટિશ કલાકારો નાથન ઇવાન્સ, ટોમ વોકર અને કેટી ટનસ્ટોલ પણ હતા. અભિનેતા સેમ હ્યુઘન પણ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.

### CWGના ઇતિહાસમાં પહેલીવાર ઇનડોર સ્ટેડિયમમાં ઉદ્દઘાટન સમારોહ યોજાયો



કોમનવેલ્થ ગેમ્સના ઇતિહાસમાં આ પ્રથમ વખત મોટા ઓપન-એર સ્ટેડિયમને બદલે, ૧૪,૩૦૦ લોકોની ક્ષમતા ધરાવતા ઇન્ડોર સ્ટેડિયમમાં ઉદ્દઘાટન સમારોહનું આયોજન નોંધપાત્ર હતું. વધુમાં તમામ 74 દેશોના ખેલાડીઓએ ઇવેન્ટના અંતે નહીં પણ શરૂઆતમાં સ્ટેડિયમમાં પરેડ કરી હતી. સ્કોટિશ મૂળ વનસ્પતિઓથી શણગારેલા 200 ચોરસ મીટરના બગીચામાં 74 'દંડ' વાવવામાં આવ્યા હતા.

### મીરાબાઈ ચાનુ અને લવલીના બોરગોહેન ધ્વજવાહક બન્યા





ભારતીય ટુકડીનું નેતૃત્વ ઓલિમ્પિક્સ મેડલિસ્ટ મીરાબાઈ ચાનુ અને લવલીના બોરગોહેન દ્વારા કરવામાં આવ્યું હતું. ભારતીય પુરુષોએ નેવી બ્લુ સુટ પહેર્યા હતા, જ્યારે મહિલા ખેલાડીઓએ સાડી અને બ્લેઝર પહેર્યા હતા. દર્શકોએ તાળીઓના ગડગડાટથી ભારતીય ટીમનું સ્વાગત કર્યું.

## 50 મીટર બેકસ્ટ્રોક સ્વિમીંગમાં નટરાજ સેમી ફાઈનલમાં



ભારતીય સ્વિમર શ્રીહરી નટરાજે કોમનવેલ્થ ગેમ્સની પુરુષોની ૫૦ મીટર બેકસ્ટ્રોક ઈવેન્ટમાં સંયુક્ત 14મા સ્થાને રહીને સેમી ફાઈનલમાં જગ્યા બનાવી હતી. બે વખતના ઓલિમ્પિયન અને અનેક રાષ્ટ્રીય રેકોર્ડ ધરાવતા નટરાજે 25.52 સેકન્ડનો સમય કાઢીને બર્મુડાના જેક હાર્વે સાથે સંયુક્ત 14મા સ્થાને રહ્યો હતો. હીટ્સમાંથી ટોચના 16 તરવૈયાઓ સેમી ફાઈનલમાં પહોંચ્યા. નટરાજ તેની આઠ-મેન હીટમાં પાંચમા સ્થાને રહ્યો હતો.

## CWG : લોન બોલ્સ મહિલા જોડીમાં ભારતે સતત બીજી જીત નોંધાવી

**પહેલી** મેચમાં માલ્ટાને હરાવનારી રૂપા રાની અને પિન્કીની જોડીએ દક્ષિણ આફ્રિકાને 2-0થી હરાવ્યું

ગ્લાસગો, તા. 24 (પીટીઆઈ) : કોમનવેલ્થ ગેમ્સમાં લોન બોલ્સ વુમન્સ પેર ઈવેન્ટમાં શાનદાર પ્રદર્શન કરીને ભારતે આજે શુક્રવારે દક્ષિણ આફ્રિકાને હરાવીને સતત બીજી જીત નોંધાવી હતી. સ્કોટિશ ઈવેન્ટ્સ કેમ્પસ હોલ 3 ખાતે રમાયેલી સેક્શન B મેચમાં રૂપા રાની તિર્કી (લીડ) અને પિંકી સિંહ (સ્કીપ)ની ભારતીય જોડીએ દક્ષિણ આફ્રિકાની જોડી થાબેલો મુવાંગો (લીડ) અને જેકી જાન્સે વાન રેન્સબર્ગ (સ્કીપ) ને 2-0 થી હરાવી હતી. ભારતે બંને સેટ 6-4 અને 7-5 થી જીત્યા હતા. ગુરુવારે, ભારતે તેની શરૂઆતની મેચમાં રોમાંચક ટાઈ-બ્રેકરમાં માલ્ટાને હરાવ્યું હતું.

દક્ષિણ આફ્રિકાના ખેલાડીઓએ જોરદાર પડકાર ઉભો કર્યો, પરંતુ



ભારતીય જોડીએ સમગ્ર મેચ દરમિયાન નિયંત્રણ જાળવી રાખ્યું. આ જીત સાથે, ભારત સેક્શન B પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચી ગયું. રૂપા રાની અને પિંકી બંને 2022 બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સમાં સુવર્ણ ચંદ્રક વિજેતા મહિલા ફોર્સ ટીમનો ભાગ હતી. ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાં લૉન બોલ્સ પ્રોગ્રામમાંથી પુરુષો અને મહિલાઓની ફોર ઈવેન્ટ્સ દૂર કરવામાં આવી છે. આ વખતે ગ્લાસગો ગેમ્સમાં પુરુષો અને મહિલાઓની સિંગલ્સ અને જોડી ઈવેન્ટ્સનો સમાવેશ કરવામાં આવ્યો છે. ભારતે 2022 બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સમાં પુરુષોની ફોર ઈવેન્ટમાં પણ સિલ્વર મેડલ જીત્યો હતો.

### પેરા પાવરલિફ્ટીંગમાં અશોક મલિક ચોથા સ્થાને રહ્યો

કોમનવેલ્થ ગેમ્સમાં આજે શુક્રવારે ભારતીય ખેલાડીઓ પેરા પાવરલિફ્ટિંગમાં પોતાની છાપ છોડી શક્યા નહોતા અને પુરુષોની લાઇટવેઇટ ઇવેન્ટમાં અશોક મલિક કુલ ૧૪૩.૮ પોઈન્ટ સાથે ચોથા સ્થાને રહેતા મેડલ ચૂકી ગયો હતો. ઈંગ્લેન્ડના માર્ક સ્વાને ૧૫૩.૯ ના સ્કોર સાથે ગોલ્ડ, જ્યારે નાઇજીરીયાના રોલેન્ડ એઝુરુઇકે ૧૫૩.૯ ના સ્કોર સાથે સિલ્વર અને મલેશિયાના બોની બુન્યાઉ ગુસ્ટીને ૧૫૩.૫ ના સ્કોર સાથે બ્રોન્ઝ મેડલ જીત્યો. સ્પર્ધામાં અન્ય એક ભારતીય ખેલાડી, પરમજીત કુમાર, ૧૩૫.૬ પોઈન્ટ સાથે એકંદરે સાતમા સ્થાને રહ્યો.

### પેરા સ્વિમીંગમાં 100 મીટર ફ્રી સ્ટાઇલમાં બુડિગીના અને ઇમામ ફાઇનલમાં

પેરા સ્વિમિંગમાં, ભારતના બુડિગીના અને ઇમામ અલીએ પુરુષોની 100 મીટર ફ્રીસ્ટાઇલ S13 કેટેગરીના ફાઇનલ માટે ક્વોલિફાય કર્યું. હીટ્સમાં ભાગ લેનારા તમામ આઠ તરવૈયાઓ ફાઇનલમાં પહોંચ્યા. બુડિગીનાએ ૫૭.૧૦ સેકન્ડના સમય સાથે હીટમાં ત્રીજા સ્થાને રહી જ્યારે ઇમામ અલી ૧:૦૫.૩૨ સેકન્ડના સમય સાથે આઠમા સ્થાને રહ્યા. S13 શ્રેણી એ પેરા સ્વિમિંગ શ્રેણી છે જે દૃષ્ટિની ક્ષતિ ધરાવતા ખેલાડીઓ માટે આરક્ષિત છે.

## CWGમાં ભારતને વધુ એક ડોપિંગ ફટકો, જુડોકા તુલિકા માન બહાર

**પોતાની** હાજરીના સ્થાન ત્રણ વખત જાહેર કરવામાં નિષ્ફળ જવાથી તુલિકા માનને સસ્પેન્ડ કરવામાં આવી



ગ્લાસગો/નવી દિલ્હી, તા. 24 (પીટીઆઈ) : કોમનવેલ્થ ગેમ્સમાં ભારતનો ડોપિંગ વિવાદ ચર્ચાનો વિષય બન્યો છે, ગત એડિશનની સિલ્વર મેડલિસ્ટ જુડોકા તુલિકા માનને ગ્લાસગો પહોંચતા પહેલા જ તેની હાજરીના સ્થાન ત્રણ વખત જાહેર ન કરવાના ભંગ કરવા બદલ સસ્પેન્ડ કરવામાં આવી હતી અને તેનાથી તે સ્પર્ધામાંથી ગેરલાયક ઠરી હતી.

તુલિકાએ 2022 બર્મિંઘમ કોમનવેલ્થ ગેમ્સમાં 78 કિગ્રાથી વધુ વર્ગમાં સિલ્વર મેડલ જીત્યો હતો અને આ વખતે તે મેડલ માટે પ્રબળ દાવેદાર હતી. હવે તેના પર બે વર્ષના પ્રતિબંધનો ખતરો છે. આ રીતે, દિલ્હીની આ જુડોકા ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સમાંથી બહાર થનાર જુડોની બીજી ખેલાડી બની છે. આ પહેલા ગુરુવારે, અન્ય એક ભારતીય જુડોકા, અરુણ કુમારને પણ સ્પર્ધાની બહાર ડોપ ટેસ્ટમાં નિષ્ફળ જવાથી સ્પર્ધામાંથી દૂર કરવામાં આવ્યો હતો. ભારતીય જુડો ટીમ હજુ સુધી કોમનવેલ્થ ગેમ્સ માટે રવાના થઈ નથી કારણ કે તેમની સ્પર્ધાઓ 31 જુલાઈથી શરૂ થશે. ટીમના જુડો ખેલાડીઓ 27 જુલાઈએ રવાના થવાના છે.

## આજે બીજી ટી-20 : ભારતની નજર સીરિઝમાં અજેય સરસાઈ પર



**પ્રથમ** મેચમાં સારું પ્રદર્શન ન કરી શકેલો અભિષેક શર્મા બીજી ટી-20માં પ્રભાવ પાથરવા માટે આતુર

**સાંજે** 4.30 વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ Unite8 સ્પોર્ટ્સ પર અને લાઇવ સ્ટ્રીમીંગ ફેનકોડ એપ પર

હરારે, તા. 24 (પીટીઆઈ) : કેપ્ટન શ્રેયસ અય્યરના નેતૃત્વમાં સતત છ ટી-20 હાર્યા પછી અહીં ગુરુવારે રમાયેલી પહેલી ટી-20 જીત્યા પછી પ્રોત્સાહિત ભારતીય ટીમ આવતીકાલે શનિવારે અહીં રમાનારી બીજી ટી-20માં ઝિમ્બાબ્વે સામે પોતાની જીતની લય જાળવી રાખીને સીરિઝમાં અજેય સરસાઈ મેળવવા પર નજર રાખીને મેદાને ઉતરશે.

આયર્લેન્ડ (0-2) અને ઈંગ્લેન્ડ (0-4) સામે હાર્યા બાદ, ત્રણ વખતના ટી-20 વર્લ્ડકપ વિજેતા ભારતે ગુરુવારે અહીં ત્રણ મેચની સીરિઝની પહેલી મેચમાં દરેક વિભાગમાં શાનદાર પ્રદર્શન કરીને ઝિમ્બાબ્વેને સાત વિકેટથી હરાવીને 1-0ની સરસાઈ મેળવી લીધી હતી. યુવા બેટ્સમેન વૈભવ સૂર્યવંશીના 19 બોલમાં 50 રન અને મયંક યાદવની ધમાકેદાર બોલિંગે ભારતની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. ઝિમ્બાબ્વેના ઘરઆંગણે તાજેતરના સારા પ્રદર્શનને ધ્યાનમાં રાખતા આ જીત પણ મહત્વપૂર્ણ હતી.

પહેલી મેચમાં સારું પ્રદર્શન કરી ન શકેલો અભિષેક શર્મા ભૂલ સુધારવા માટે કટિબદ્ધ રહેશે.

## દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

### નાક બંધ થવું

ક્યારેક શરદી થવી ક્ષમ્ય છે. વારંવાર થઈ, નાક બંધ કરી દે તો તમને મદદની જરૂર છે. ક્યાં તો શરદી થવાનાં કારણોથી દૂર રહો, ક્યાં શરીરની ક્ષમતા વધારો. સૂંઠ 25g, મરી 25g, લીંડી પીપર 50g, જેઠીમધ 15g, તાલીસ પત્ર 15g, અરડૂસી પાન 15g, ગોદાંતી ભસ્મ 10g ભેળવી, ચૂર્ણ બનાવી રાખો. રોજ સવારે અને સાંજે ત્રણ ત્રણ ગ્રામ મધ અથવા પાણી સાથે લો. ફળ, દૂધ, દહીં ખાવ તો સાથે આ જરૂર લો.

## સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | ૯ | ૧ | ૮ | ૫ | ૭ | | |
| | ૫ | ૨ | | ૪ | | ૩ | ૬ | ૮ |
| ૪ | | | ૩ | | ૨ | ૫ | | ૧ |
| ૮ | ૪ | ૭ | | ૧ | ૩ | | | |
| | ૧ | | | ૫ | ૪ | ૮ | | |
| | | ૬ | | ૨ | | ૧ | | ૪ |
| | | ૫ | ૪ | ૩ | | | | |
| ૯ | ૨ | | | ૭ | ૧ | ૬ | ૮ | ૩ |
| ૩ | ૮ | | | | | | ૫ | ૭ |

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

## શબ્દગુંફન - ૭૨૪૯

અરવિંદ એસ. મારૂ

**આડી ચાવી**

1. મુખ્ય (4)
4. કાંજી, ઘેંસ (2)
6. કાળજી (3)
8. હોડી (2)
9. મોટેથી બૂમ પાડવી તે (4)
11. પાપ (3)
13. કસબ, હુન્નર (2)
14. સોનાનું, સોનેરી (3)
16. વ્યાયામ, અભ્યાસ (4)
19. હાથ (2)
21. પર્વત (2)
23. તપસ્યા (4)
24. એક સરખું (4)
27. ચિંતન (3)
29. ઊંડું, ગાઢ (3)
31. અદેખાઈ, ગુમાન (3)
32. પ્રધાન (3)
34. પ્રતિબંધ (2)
35. અભિમાની (2)
36. ઘંટનો અવાજ (4)

**ઊભી ચાવી**

1. પથ્થર (2)
2. રાજાનું રહેવાનું સ્થળ (3)
3. મૂલ્ય (2)
5. જમીન-પાણી બન્ને પર ચાલી શકે છે એવું એક પક્ષી (3)
6. રેશમી કે કિંમતી વસ્ત્ર (2)
7. બોલાચાલી, લડાલડી (4)
9. હેરાન, પરેશાન (3)
10. સરોવર, તળાવ (3)
12. અનુકૂળ વખત (2)
15. દુશ્મનાવટ (2)
17. ગાઢ, નક્કર (3)
18. દેહ, શરીર (2)
19. પ્યાલો (2)
20. રોષ, ગુસ્સો (2)
22. ચાલવું - જવું તે (3)
23. જુસ્સો, અધીરાઈ (5)
25. માધવ, કૃષ્ણ (3)
26. છેડો, નિવેડો (2)
28. શબ્દ, બોલ (3)
30. ઘોડો (2)
32. ઉમ્મર (2)
33. લક્ષ્મી (2)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| શિ | રો | મ | ણી | | ભા | | રા | બ | |
| લા | | હે | | ચી | વ | ટ | | ત | રિ |
| | હ | લ | કા | ર | | પા | ત | ક | |
| ક | લા | | સા | | હા | ટ | ક | | વે |
| | ક | સ | ર | ત | | પી | | ક | ર |
| રી | | ઘ | | ન | ગ | | ત | પ | |
| સ | મા | ન | તા | | મ | ન | ન | | હ |
| | વ | | ગ | હ | ન | | મ | લ્સ | ર |
| વ | જી | ર | | ચ | | મ | ના | | ફ |
| ચ | | મા | ની | | ટ | ન | ટ | ન | |

## આજનું પંચાંગ

**તા. 25/07/2026, શનિવાર**

**વિક્રમ સંવત :** 2082 **શાકે :** 1948
**વીર સંવત :** 2552 **માસ :** અષાઢ
**તિથિ:** સુદ: અગિયારસ: 11:35, દેવશયની એકાદશી
**અયન :** દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
**રાષ્ટ્રિય દિનાંક :** શ્રાવણ : 03 **યોગ :** બ્રહ્મ
**કરણ:** બવ **નક્ષત્ર :** જયેષ્ઠા: જયેષ્ઠા **નક્ષત્ર વૃદ્ધિ છે. આ નક્ષત્રમાં જન્મેલાની શાંતિ કરાવવી. રાશિ:** વૃશ્ચિક (ન.ય.) **દિવસ :** અશુભ ચતુર માસારંભ, પંઢરપૂર યાત્રા-સૌરાષ્ટ્રમાં મોળાકાત આરંભ, **સુરતમાં સૂર્યોદય :** 06:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:19 **નવકારસી :** 06:59
**પારસી વર્ષ :** 1395 સ્પેન્દારમદ માસનો 15મો રોજ
**મુસલમાન વર્ષ :** 1448 સફર માસનો 10મો રોજ
**દિવસનાં ચોઘડિયાં:** કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
**રાત્રિનાં ચોઘડિયાં:** લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
**રાહુકાળ:** સવારે 09.30 થી 11.00 સુધી

## આપની આજ

**જયોતિષાચાર્ય હંસરાજ**

**મેષ (અ,લ,ઇ,):** પારિવારિક ચિંતા વધે. આરોગ્ય નરમ રહે. અટકેલાં નાણાં આવી શકે છે. ધર્મ-કર્મથી શાંતિ મળે.

**વૃષભ (બ,વ,ઉ,):** સમાજમાં માન વધે. પારિવારિક કામ ધંધા કે વેપારમાં નવી યોજના પાર પડે. રોજની આવક વધશે.

**મિથુન (ક,છ,ઘ,):** નોકરીમાં પ્રભાવ વધે. લેવડદેવડમાં સાવધાન રહેવું. વિવાદથી વિઘ્નો પેદા થાય. હરીફોથી સાવધાન.

**કર્ક (ડ,હ,):** મિત્રો-વગેરેની મદદ મળે. પ્રેમમાં તાલમેળ વધશે. આવક વધે. ઉઘરાણી આવે. મોજ-શોખના ધંદામાં આવક વધે.

**સિંહ (મ,ટ,):** મિલકત અને વારસાનાં કામમાં લાભ થાય. નોકરીની નવી તક ઊભી થાય બહારના કામમાં મદદ મળે.

**કન્યા (પ,ઠ,ણ,):** પાર્ટી-પિકનીકથી મનોરંજન થાય. રચનાત્મક ભાગ્યના સાથનો અનુભવ થાય.

**તુલા (ર,ત,):** ઘર-કુટુંબમાં વિવાદ ટાળવો. અચાનક ઉઘરાણી આવી શકે છે. આર્થિક બાબતે ચોક્કસ બનશો.

**વૃશ્ચિક (ન,ય,):** મહેનતનું ફળ મળે. ભૂતકાળના કામનો લાભ મળે. નોકરીમાં પ્રમોશન થાય. દાંપત્યજીવનમાં તાલમેળ વધશે.

**ધન (ભ,ધ,ફ,ઢ,):** કોઇના જામીન થવુ નહીં અને આર્થિક બાબતે કોઈની વાતોમાં આવવું નહીં. શુભ સમાચાર મળે.

**મકર (ખ,જ,):** નવા રોકાણથી લાભ થાય. મિત્રોની મદદથી સામાજિક કામ પાર પડે. શેર બજારમાં નવી તક મળે.

**કુંભ (ગ,સ,શ,ષ,):** આવક વધશે. નોકરીમાં પ્રભાવ વધે. સમાજમાં માન મળે. મોજ-શોખના ધંદામાં આવક વધે.

**મીન (દ,ચ,ઝ,થ,):** કાયદાકાનૂન બાબતે મદદ મળે. વિદેશનાં કામ પાર પડશે. વિદ્યાર્થીઓને ભાગ્યનો સાથ મળે.

### કોઈ પણ સાલમાં 25 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું સામાન્ય રહેશે. નોકરી સ્થાન ફેરથી અશાંતિ અને મહેનત વધશે. ધંધા-વેપારમાં હરીફો વધે. સમાજમાં સામાન્ય રહે. પારિવારિક સમસ્યાઓને અપેક્ષા દોડ-ધામ વધારે નવાં ઘર, વાહન, મકાનની યોજનાની શરૂઆતમાં સફલ બને. સરકારી કામ, કોર્ટ, કચેરીમાં વિલંબ થાય. સંતાનોના અભ્યાસ કેરીયરમાં પ્રગતિ થાય. ઉંમરલાયકના વિવાહ થાય. વિદેશનાં કામ ધીમાં પડે. વિદ્યાર્થીઓને મદદ મળે. ટેકનોલોજીથી નવુ શિખવા મળે. આવક વધારવાની યોજનામાં ચડતી-પડતી રહે. પ્રેમવિવાહમાં વિઘ્નો આવે. વારસા, જાયદાદ, જમીન જેવા કામમાં મિત્રો-વડીલોની મદદ મળે. આરોગ્ય નરમ-ગરમ રહે. ઉઘરાણીની ચિંતા સાતવે. યાત્રા-પ્રવાસ, ધર્મકર્મથી શાંતિ મળે. જૂન-જુલાઈ, સોમ-ગુરુવાર, 7, 16, 25 તારીખે નવા કામ કરવાં ઓગસ્ટ સપ્ટેમ્બર, બુધ-શુક્રવાર, 05,14,23 તારીખે નવા કામ ટાળવાં. ગુલાબી-સફેદ રંગનો ઉપયોગ કરવો. લાલ લીલા રંગનો ઉપયોગ ટાળવો. કેતુ-ચંદ્રના ઉપાય કરતાં રહેવું.

## અનુસંધાન... પાના પહેલાનું

### હિમાચલમાં પહાડ...

પ્રાથમિક માહિતી મુજબ, ઉદયપુર-કિલ્લર માર્ગ અગાઉના દિવસે બંધ હોવાથી મુસાફરો ટિન્ડી ખાતે અટવાયા હતા. શુક્રવારે માર્ગ ખુલતા તેઓ પાંગી તરફ નીકળ્યા હતા ત્યારે આ અકસ્માત બન્યો હતો.

મુખ્યમંત્રી સુખવિંદર સિંહ સુખુએ ઘટના પર શોક વ્યક્ત કરી મૃતકોના પરિવારજનોને તમામ શક્ય સહાય પૂરી પાડવાનો નિર્દેશ આપ્યો છે. બીજી તરફ, સતત વરસાદને કારણે મંડી જિલ્લાના જોગિન્દ્રનગર વિસ્તારમાં ભૂસ્ખલનની અલગ ઘટનામાં એક મહિલાનું મોત થયું હતું અને સાત લોકો ઘાયલ થયા હતા.

### 26 દિવસ...

20 જુલાઈની 'સંસદ ચલો' રેલીમાં જોડાયેલા લોકો સામે કેસ નોંધવામાં સરકાર હકારાત્મક વલણ ધરાવે છે. ઉપરાંત પરીક્ષા સુધારણા અને પેપર લીક મુદ્દે સંસદમાં ચર્ચા તેમજ નીટ પેપર લીક બાદ આપઘાત કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને યોગ્ય વળતર આપવા અંગે પણ સરકાર વિચારણા કરી રહી છે.

વાંગચુકે જણાવ્યું કે વિવિધ રાજકીય પક્ષોના 65 સાંસદોએ તેમને ભૂખ હડતાળ સમાપ્ત કરવા અપીલ કરી હતી. જોકે કોકરોચ જનતા પાર્ટી (CJP)એ સ્પષ્ટ કર્યું કે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા, પરીક્ષા પ્રણાલીમાં સુધારા, નીટ પેપર લીકના પીડિત પરિવારોને રૂ. 1 કરોડ વળતર અને શાંતિપૂર્ણ વિરોધીઓ સામેની કાર્યવાહી પાછી ખેંચવાની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી જંતર-મંતર પર તેમનું આંદોલન ચાલુ રહેશે.

### ધ્યાનમાં...

ઓપરેશન સિંદૂર જેવી મહત્ત્વની ઘટનાઓ વખતે પણ મધ્યરાત્રિએ કોઈ મેસેજ આવ્યો નહોતો. જોકે, ગુરુવારે તેમણે રાત્રે ૧૧:૫૨ વાગ્યે વીડિયો પોસ્ટ કર્યો, જ્યારે ઘણા યુવાનો સોશિયલ મીડિયા પર એક્ટિવ હોય છે; આ 'જેન ઝી' (Gen Z) સાથે તેઓ સૌથી વધુ વાપરતા હોય તેવા પ્લેટફોર્મ્સ પર જોડાવાનો એક સોચ્યો-સમજ્યો પ્રયાસ હતો.